 ગાંધીનગર સમાચાર

# આજે દિલ્હીમાં મતદાન

## સવારે આઠથી સાંજે છ વાગ્યા વચ્ચે મતદાન યોજાશે : ૬૭૩ ઉમેદવારો

નવી દિલ્હી,તા. ૬

જેની રાજકીય વર્તુળોમાં ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી માટે આવતીકાલે મતદાન યોજનાર છે. જેની તમામ તૈયાર કરી લેવામાં આવી છે. દિલ્હીમા ૧.૩૩ કરોડ મતદારો ચૂંટણી મેદાનમાં રહેલા ૬૭૩ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરનાર છે. દિલ્હીમાં ચૂંટણી ભાજપ માટે પણ પ્રતિષ્ઠાજનક બની ગઈ છે. ચૂંટણી પેનલ દ્વારા શાંતિપૂર્ણ અને સાનુકુળ મતદાન થાય તે માટે સાવચેતીના તમામ પગલા લીધા છે. સવારે આઠ વાગે મતદાન શરૂ થયા બાદ સાંજે છ વાગે સુધી મતદાન ચાલશે. ચૂટણી પંચના જણાવ્યા મુજબ ૧૨૧૭૭ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે પૈકી ૭૧૪ સંવેદનશીલ અને ૧૯૧ અતિ સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા છે. મતદાન માટે તમામ તૈયારી કરી લેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે દિલ્હીમાં વિધાનસભાની ચુંટણી માટે હાઈપ્રોફાઈલ અને હાઈવોલ્ટેજ પ્રચારનો ગઈકાલે અંત આવી ગયો હતો. આની સાથે જ સાતમી ફેબ્રુઆરીના દિવસે મતદાન માટેનો તખ્તો ગોઠવાઈ ગયો હતો. દિલ્હીમાં આ વખતે ભાજપ અને એએપી વચ્ચે ગળાકાપ સ્પર્ધા દેખાઈ રહી છે. દિલ્હીમાં કોણ સરકાર બનાવશે તે અંગે સસ્પેન્સનો અંત ૧૦મી



ફેબ્રુઆરીના દિવસો આવશે. દિલ્હીમાં વર્ષ ૨૦૧૩માં યોજાયેલી ચુંટણીમાં કોઈને પણ બહુમતી મળી નહતી. આ ચુંટણીમાં ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી હતી અને તેને ૩૨ બેઠકો મળી હતી. જોકે, બહુમતીના આંકડાથી તે સહેજમાં પાછળ રહી હતી. સરકાર બનાવવામાં નિષ્ફળ રહી હતી. જેના કારણે લેફટી ગવર્નર નજીબ જંગે ભાજપ બાદ બીજા નંબરની પાર્ટી રહેલી એએપીને સરકાર બનાવવા આમંત્રણ આપ્યું હતું. ૨૮મી ડિસેમ્બર ૨૦૧૩ના દિવસે એએપીએ કોંગ્રેસના બહારના સમર્થન સાથે સરકારની રચના કરી હતી. શીલા દીક્ષિતને ચુંટણીમાં હાર આપનાર અરવિંદ કેજરીવાલ દિલ્હીના મુખ્યમંત્રી બન્યા હતા. જોકે, ૧૪મી ફેબ્રુઆરી ૨૦૧૪ના દિવસે ૪૯ દિવસ સુધી શાસન કર્યા બાદ કેજરીવાલે તેમના હોદ્દાથી રાજીનામું આપ્યું હતું. ત્યારબાદ દિલ્હીમાં આશરે ૧ વર્ષ સુધી રાષ્ટ્રપતિ શાસન રહ્યું હતું. ૪ નવેમ્બર ૨૦૧૪ના દિવસે નજીબ જંગે દિલ્હી વિધાનસભાને વિખેરી નાંખવા અને નવેસરથી ચુંટણીની ભલામણ કરી હતી. ૧૨મી જાન્યુઆરી ૨૦૧૫ના દિવસે ચુંટણીપંચે વિધાનસભા ચુંટણી કાર્યક્રમની જાહેરાત કરી હતી. છેલ્લી ચુંટણીમાં ભાજપને ૩૧, એએપીને ૨૮ અને કોંગ્રેસને ૮ બેઠકો મળી હતી. પરંતુ આ વખતની ચુંટણી વધુ રોમાંચક બની રહે તેવી શક્યતા છે. ચુંટણીપંચના જણાવ્યા મુજબ, દિલ્હીમાં કુલ ૭૦ બેઠકો પર ૧.૩૩ કરોડ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા ઈચ્છુક છે. કુલ પોલીંગ સ્ટેશનની સંખ્યા ૧૨૧૭૭ રહી છે. નોટાનો પણ ઉપયોગ કરવામાં આવશે. તમામ ઈવીએમમાં આ વિકલ્પ રહેશે. દિલ્હીમાં ૨૨૭૩૧૬ મતદારો એવા છે જેમની વય ૧૮થી ૧૯ વર્ષની છે. જ્યારે ૩૬૯૩૯૭૫ ઉમેદવારો એવા છે જેમની વય ૨૦થી વધુની છે. ૩૧૧ ઉમેદવારોની વય ૧૦૦ કરતા ઉપર છે. માતિયા મહલ મતવિસ્તારમાં સૌથી વધુ ૩૪૭૨૪૫ મતદારો છે. જ્યારે ચાંદની ચોકમાં ૧૧૩૭૭૭ ઉમેદવારો છે. દિલ્હી મુખ્ય ચૂંટણી અધિકારી ચન્દ્ર ભુષણે કહ્યું છે કે પ્રચાર દરમિયાન કુલ ૨૧૭૦૨ રાજકીય રેલીઓ યોજાઈ હતી.તેમણે કહ્યું હતું કે તમામ વિસ્તારોમાં ફોટો વોટર સ્લીપ આપીદેવામાં આવી છે. જો કોઈ મતદારને સ્લીપ મળી નથી તો તેને મતદાન સ્થળ પર આ સ્લીપ મળી શકશે. નોટાનો પણ વિકલ્પ રાખવામાં આવ્યો છે. સધન સુરક્ષા વ્યવસ્થા દિલ્હીમાં ગોઠવી દેવામાં આવી છે. પરિસ્થિતી પર નજર રાખવામાં આવી રહી છે.

## ભારતમાં કુપોષણગ્રસ્ત કુલ બાળકોની સંખ્યા કરોડોમાં

નવી દિલ્હી,તા. ૬

ભારતમાં કુપોષણથી ગ્રસ્ત બાળકોની સંખ્યા ૨.૩ કરોડથી પણ વધારે હોવાની ચિંતાજનક બાબત સપાટી પર આવી છે. આઇસીડીએસ તરીકે ।જાણીતા આંગણવાડી કેર સેન્ટર પ્રોગ્રામ અંગે એક નવા અહેવાલમાં આ ચિંતાજનક ચિત્ર સપાટી પર આવ્યુ છે. સ્ટેટસ રિપોર્ટમાં દરેક રાજ્યમાં રહેલા કુપોષણ અને ઓછા વજનથી ગ્રસ્ત બાળકોની સંખ્યા દર્શાવવામાં આવી છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે બિહારમાં ઓછુ વજન ધરાવનાર બાળકોની સંખ્યા આશરે ૫૦ ટકા જેટલી છે. જ્યારે આંધ્રપ્રદેશમાં ૩૭ ટકા, ઉત્તરપ્રદેશમાં ૩૬ ટકા, રાજશાતન અને છત્તિસગઢમાં ૩૨-૩૨ ટકા અને અન્ય કેટલાક રાજ્યોમાં પણ આ ટકાવારી ખુબ મોટી છે. ૩૧મી ડિસેમ્બર ૨૦૧૩ સુધીના આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. જે રાજ્યો સારો દેખાવ કરવામાં સપળ રહ્યા છે તેમાં અરૂણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મિઝોરમ, મણિપુર અને સિક્કિમનો સમાવેશ થાય છે. મહારા ્ટ્ર, ઉત્તરાખંડ અને તમિળનાડુ પણ સારો રેકોર્ડ રાખવામાં સફળ રહ્યા છે. છ વર્ષની વય સુધી ઓછુ વજન ધરાવનાર વધુ બાળકોની સંખ્યાના મામલે દિલ્હી પણ પાછળ નતી. દિલ્હીમાં આંગણવાડીમાં જતા સાત લાખ બાળકો પૈકી ૩૫ ટકા બાળકો ઓછુ વજન ધરાવે છે. વર્ષ ૨૦૦૫-૦૬માં નેશનલ પેમિલી એન્ડ હેલ્થ સર્વે બાદથી કોઇ પણ નક્કર સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી નથી. એ વખતે જણાવાયું હતું કે ભારતમાં શુન્યતી ત્રણ વર્ષની વયના ૪૬ ટકા બાળકો ઓછુ વજન ધરાવે છે. ૧૩ લાખથી વધારે આંગણવાડી છે જેમાં બાળકોને પોષણ સાથે સંબંધિત ભોજન આપવામાં આવે છે.

## સુધારાલક્ષી બજેટ રજૂ કરવા અરૂણ જેટલીનો સ્પષ્ટ સંકેત

મુંબઈ,તા. ૬

સામાન્ય બજેટ પહેલા નાણાપ્રધાન અરુણ જેટલીએ આજે ખર્ચને તર્કસંગત બનાવવા તથા વધુ ઝડપી આર્થિક વિકાસ માટે વધુ સુધારાનો સંકેત આપ્યો હતો અને કહ્યું હતું કે, સરકાર ઉછીના નાણા પર રહેવામાં આવે તેમાં વિશ્વાસ રાખતી નથી. આ નિવેદન એવા સમયે જારી કરાયું છે ત્યારે બજેટ આડે ગણતરીના દિવસો રહ્યા છે. ૩૧મી માર્ચના દિવસે નાણાંકીય વર્ષની પૂર્ણાહૂતિ થઈ રહી છે. તેમણે કહ્યું હતું કે, અમે ખર્ચને તર્કસંગત બનાવવાના પ્રયાસમાં છે. કારણ કે સરકાર આને લઈને ચિંતિત છે. સમગ્ર કોન્સ્ટેપ્ટ ખર્ચ ઉપર અંકુશ મુકવાનો છે. પ્રધાને કહ્યું હતું કે, સ્થિર ટેક્સ વ્યવસ્થા બજેટમાં જાહેર કરવામાં આવી શકે છે. રાજ્યમાં અને કેન્દ્ર સ્તરે મહેસુલી આવક વધારવા માટે કોઈ બિનજરૂરીરીતે પગલા લેવાશે નહીં. અમારી કરવેરા નીતિ



મૂડીરોકાણલક્ષી છે. છેલ્લા થોડાક મહિનામાં ટેક્સ વિવાદોને દૂર કરવા ઘણા પ્રયાસો થયા છે. આ પગલાઓના કારણે ભારતની છાપ અગાઉ ખરાબ થઈ હતી. જ્યાં ટેક્સની ચુકવણી કરવામાં આવે છે ત્યાં ટેક્સ વસુલ કરવામાં આવશે પરંતુ બિનજરૂરીરીતે કડક પગલા લેવાશે નહીં. સરકારે હાલમાં જ ૩૦૦૦ કરોડના ટ્રાન્સફર કેસમાં બ્રિટિશ ટેલિકોમ કંપની વોડાફોનની તરફેણમાં મુંબઈ હાઈકોર્ટના ચુકાદા સામે અરજી નહીં કરવાનો નિર્ણય કર્યો છે. બજેટમાં વિજળી, એનર્જી, રેલવે, બંદર ઉપર ધ્યાન કેન્દ્રિત કરાશે. આ તમામમાં સુધારા પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરાશે. જેટલીએ સંકેત આપ્યો હતો કે, ૪.૧ ટકાના ડેફિસિટ ટાર્ગેટને હાંસલ કરી શકાશે. યોજના ખર્ચમાં વધુ કાપ મુકાશે. આઠ મહિના અગાઉ ચાર્જ સંભાળી લીધા બાદ જેટલીએ ૧૦ ટકા સુધી આયોજિત ખર્ચમાં ઘટાડો કર્યો છે. ઉપરાંત અન્ય ઘણા સફળતાપૂર્વક પગલા લેવાયા છે. જેટલીએ કહ્યું હતું કે, સરકાર સુધારાના પગલાને ઝડપથી આગળ વધારશે. જેટલીએ કહ્યું છે કે, તમામ ક્ષેત્રોમાં અને ખાસ કરીને રોકાણના ક્ષેત્રમાં અડચણો દૂર કરવાના પ્રયાસ કરાશે. મોદી સરકારનો મંત્ર ઝડપી નિર્ણય લેવાનો છે. અમારી સરકાર વિકાસ અને બિઝનેસલક્ષી છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરાશે. એજ્યુકેશન નેટવર્ક અથવા તો સ્કીલ ડેવલપમેન્ટને વિસ્તૃત થશે. દરિયાકાંઠાના માર્ગોને વ્યવસ્થિત કરાશે.

## નીતિશ કટારા હત્યા કેસ : ૩ કિલરોની સજા વધારી દેવાઈ

નવીદિલ્હી,તા. ૬

દિલ્હી હાઈકોર્ટે નીતિશ કટારા હત્યા કેસમાં ત્રણ અપરાધીઓ માટે મૃત્યુદંડની સજાની માંગ કરતી અરજીને આજે ફગાવી દીધી હતી પરંતુ આ અપરાધીઓને ત્રીસ વર્ષની જેલની સજા ફટકારી હતી. કિલરોની સજાને વધારી દેવામાં આવી હતી. જસ્ટિસ ગીતા મિત્તલ અને જસ્ટિસ જેઆર મિધાની બનેલી ખાસ બેંચે વિકાસ યાદવ, કટારાના મિત્ર ભારતીના ભાઈ વિશાલ યાદવ, ભારતીના કઝીન અને કોન્ટ્રાક્ટ કિલર સુખદેવ પહેલવાનને મૃત્યુદંડની સજાની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતી. કોર્ટે વિકાસ યાદવ અને તેના કઝીન વિશાલ માટે સજાને ૨૫ વર્ષથી વધારીને આજીવન કારાવાસમાં ફેરવી દીધી હતી જ્યારે સુખદેવની જેલની અવધિ વધારીને ૨૫ વર્ષ કરી હતી. વધારાના પાંચ વર્ષ સિવાય તેમને કોઈપણ રાહત વગર કઠોર જેલની સજા ભોગવવી પડશે. હાઈકોર્ટે આ કેસમાં પુરાવાના નાશ બદલ તમામ ત્રણેય અપરાધીઓને વધારાની પાંચ વર્ષની સજા કરી છે. કોર્ટે ઉત્તર પ્રદેશના રાજકારણી ડીપી યાદવના પુત્ર વિકાસ ઉપર ૫૦ લાખનો દંડ લાદ્યો હતો. હત્યા માટે તેના કઝિન વિશાલ ઉપર પણ દંડ લાદ્યો હતો. સજા અંગે ચુકાદા વેળા કોર્ટમાં ઉપસ્થિત રહેલી નિલમ કટારાએ મૃત્યુદંડની સજાની અરજીને ફગાવી દેવા માટે નિરાશા વ્યક્ત કરી હતી પરંતુ સજા વધતા ખુશી વ્યક્ત કરી હતી. નિલમ કટારાએ કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટમાં આ ચુકાદા સામે અરજી કરવામાં આવશે. કોર્ટ દ્વારા આપવામાં આવેલી વળતરની રકમની તેમને કોઈ જરૂર નથી. તેમના પુત્રની હત્યા મુદ્દે કોઈ રકમ તેમના માટે યોગ્ય નથી. કોર્ટે ૭૦૦ પાનાનો ચુકાદો જાહેર કર્યો હતો જેમાં જણાવ્યું હતું કે, ૧૦મી ઓક્ટોબર ૨૦૧૧થી ચોથી નવેમ્બર ૨૦૧૧ વચ્ચેના ગાળામાં વિકાસ હોસ્પિટલમાં રહ્યો હતો જેને જેલમાં તેના દ્વારા ગાળવામાં આવેલી સજામાં ગણવામાં આવશે નહીં. જેલમાં તેમના રોકાણ દરમિયાન હોસ્પિટલની મુલાકાત લેનાર અપરાધીઓ મામલે પણ તપાસ કરવામાં કહેવામાં આવ્યું છે. બીજી એપ્રિલ ૨૦૧૪ના દિવસે બેંચે ૨૦૦૮ ટ્રાયલ કોર્ટના ચુકાદાને યોગ્ય ઠેરવ્યો હતો જેમાં ત્રણેયને આજીવન કારાવાસની સજા કરવામાં આવી હતી. હોનર કિલિંગનો કેસ આ ગણવામાં આવ્યો હતો. પોલીસ અને નિલમ કટારાની અરજી ઉપર એપ્રિલ બાદથી કોર્ટે સુનાવણી કરી હતી. ત્રણેય અપરાધીઓ માટે નિલમ કટારાએ મૃત્યુદંડની સજાની માંગ કરી હતી.

## ભારતમાં વિમાનના યાત્રી ટ્રાફિકમાં ૮ ટકાનો વધારો

નવી દિલ્હી,તા. ૬

ભારતમાં વિમાની યાત્રીઓની સંખ્યામાં ગયા વર્ષની સરખામણીમાં સ્થિતિ સારી નોંધાઈ છે. ૨૦૧૩ની સરખામણીમાં ગયા વર્ષે ભારતમાં એરપેસેન્જર ટ્રાફિકમાં આઠ ટકાનો વધારો થયો છે જે ચીન અને રશિયા બાદ હાઈએસ્ટ છે. જે સંકેત આપે છે કે, ભારતમાં ઉડ્ડયન કંપનીઓની સ્થિતિ સારી છે અને આશા પણ રહેલી છે. ગ્લોબલ ટ્રાફિકમાં ૫.૯ ટકાનો વધારો થયો છે. ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસીએશન દ્વારા જારી કરવામાં આવેલા નવા આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. અહેવાલ મુજબ ભારતમાં યાત્રીઓ લઈ જવાની ક્ષમતામાં એકંદરે ૫.૭ ટકાનો વધારો ૨૦૧૪માં થયો છે. કેપેસિટી યુટિલાઈઝેશન અથવા તો લોડફેક્ટર ૭૬.૩ ટકાનો રહે છે. ગયા વર્ષે વૈશ્વિકરીતે ૩.૩ અબજ યાત્રીઓએ વિમાની સફર કરી હતી જે ૨૦૧૩ કરતા ૧૭૦ મિલિયન વધુ છે. સ્થિતિ ખુબ સારો સંકેત આપે છે. ચીનમાં એર પેસેન્જર ટ્રાફિકમાં ૧૧ ટકાનો વધારો થયો છે. જ્યારે ભારતમાં આઠ ટકાનો વધારો થયો છે. રશિયામાં ૯.૮ ટકાનો વધારો આ ગાળામાં થયો છે. એશિયા પેસિફિક કેરિયર્સ દ્વારા ટ્રાફિકમાં ૫.૮ ટકાનો વધારો નોંદાયો છે. એકંદરે વૈશ્વિક સ્તરે પણ વિમાની યાત્રીઓ વધ્યા છે. વર્ષ ૨૦૧૪માં દેખાવ ૨૦૧૨ની સરખામણીમાં ૨૦૧૩માં સારો રહ્યો હતો અને ૨૦૧૩ કરતા ૨૦૧૪માં ઘણી સારી સ્થિતિ રહી છે. સરકાર પેસેન્જર ટેક્સમાં ઘટાડો કરીને આર્થિક વિકાસની પ્રક્રિયા શરૂ કરી શકે છે. વિમાની પરિવહન માટેની માંગને ટેક્સ ઘટાડી દે છે. આનાથી સ્થિતિમાં વધુ સુધારો થશે અને સારા સંકેત પણ મળશે.

### સર્જાતી ભારે હાલાકી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પર ટ્રાફીક જામ અને આસપાસના સેકટરોના વિસ્તારમાં મનસ્વી રીતે પાર્કીંગ થતા તે પાર્કીંગ પ્લેસમાં ફેરવાઈ જાય છે. બીજી તરફ પ્લાસ્ટ ઈન્ડીયાના સ્થળ નજીક સ્થિત ટાઉનહોલના રૂટમાં પણ કાર્યક્રમ અન્વયે આમંત્રિત શ્રોતાઓને એન્ટ્રી માટે રકઝક કરવી પડે છે. ટાઉનહોલનું અગાઉથી બુકિંગ ધરાવતા કાર્યક્રમોના આયોજકો માટે મોટો શિરદર્દ ઉભો થયો છે. રાત્રિના કાર્યક્રમ હોવા છતાં આ રૂટમાં વાહનો માટે નો એન્ટ્રી છે.જેના લીધે બુકીંગના પૈસા ખર્ચીને આયોજકોને આર્થિક નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. આજે આ સ્થિતિના લીધે દિવસ દરમિયાન આયોજિત એક કાર્યક્રમ આયોજકને રદ કરવાની ફરજ પણ પડી હતી.ટાઉનહોલના એડવાન્સ બુકીંગ બાદ કાર્યક્રમના આયોજકો તેમજ શ્રોતાઓને નિયત સમયે સ્થળ પર પહોંચવાનું મુશ્કેલ બન્યું છે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ માર્ગ મકાન વિભાગના અધિકારીઓ તેમજ પોલીસ તંત્રએ સંકલન કરી યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થા પુરી પાડવી જોઈએ. ટાઉનહોલનું બુકીંગ લીધા બાદ વિભાગના અધિકારીઓએ પણ આ મામલે ફરજ નિષ્ઠા દાખવવી જોઈએ.

### સર્વે કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શાળા કક્ષાએ આર.બી.એલ.ની પાંચ ટીમો જઈ બાળકોના આરોગ્યની ચકાસણી કરશે અને જરુર જણાયે બાળકના વાલીનો સંપર્ક કરી તેને સારવાર માટે ગાંધીનગર સિવીલમાં ખસેડવામાં આવશે.

બીજી તરફ ગાંધીનગર જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિએ પણ એક પરિપત્ર કરી અને શરદી, ખાંસી અને ગળામાં દુ:ખાવાની ફરિયાદ કરતા બાળકોને અલગ તારવી નજીકના સરકારી દવાખાનાના તબીબ પાસે તાત્કાલિક તપાસ માટે મોકલી આપવા આચાર્યોને તાકીદ કરવામાં આવી છે.

શરદી, ખાંસી ધરાવતા બાળકને એક સપ્તાહ સુધી આરામ માટે શાળા દ્વારા ખાસ રજા પણ આપવા માટે આ પરિપત્રમાં જણાવાયું છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં સ્વાઈન ફલુને વધતો અટકાવવા તેમજ જન જાગૃતિ માટે તંત્ર એ તેના પગલાં સઘન બનાવ્યા છે આજે સચિવાલય ખાતે આયુર્વેદના વિશેષ ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ કપૂરના ખાસ પૂમડા બનાવી તેની સુગંધ લેવા માટે પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

### ભરતીમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નવા સચિવાલય બ્લોક નં. ૧૧, નવમા માળે સ્થિત રેવન્યુ ડીપાર્ટમેન્ટમાં સિસ્ટમ મેનેજર તરીકે ફરજ બજાવતા મનોજ શ્રીરામદાસ પાલ નામના શખ્સે મહાત્મા મંદિરમાથી આ બેગની ચોરી કરી હોવાનું ખુલતા પી.આઈ. એલ.બી. મોણપરા તથા તેમની ટીમે તેની ધરપકડ કરી લીધી છે. આરોપી સિસ્ટમ મેનેજર પાસેથી ચોરીનો તમામ મુદ્દામાલ પણ રીકવર કરી લેવામાં આવ્યો છે.

### મનિષ સિસોદિયાના કબીરનો સમાવેશ : ૭૫૦ એનજીઓને ગૃહ મંત્રાલયે આપેલ નોટિસ

નવી દિલ્હી,તા. ૬

કેન્દ્રીય ગૃહમંત્રાલયે ઈન્કમ ટેક્સ રિટર્ન દાખલ કરવામાં નિષ્ફળતા બદલ ૭૫૦ બિન સરકારી સંસ્થાઓને નોટિસ ફટકારી છે. આમ આદમી પાર્ટીના નેતા મનિષ સિસોદિયાના એનજીઓ કબીરને પણ નોટિસ આપવામાં આવી છે. ગયા મહિને રિઝર્વ બેંકે ભારતમાં સક્રિય ચાર અમેરિકન એનજીઓને ફંડિંગને લઈને નિયંત્રણો લાદ્યા હતા. સરકારને જાણવા મળ્યું હતું કે, વિદેશી દાનના સંદર્ભમાં નીતિ-નિયમોનો ભંગ કરવામાં આવ્યો છે. અમેરિકા સ્થિત સંસ્થાઓ ઉપર પણ નજર રાખવામાં આવી રહી છે. કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા આરબીઆઈને પણ કેટલીક સૂચના આપી છે. દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી આવતીકાલે યોજાનાર છે ત્યારે કેન્દ્રીય ગૃહમંત્રાલયના પગલાને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. ૭૫૦ એનજીઓને નોટિસ આપીને જવાબ આપવા માટે કહેવામાં આવ્યું છે. વિદેશી દાનના સંદર્ભમાં હાલમાં ભાજપ અને એએપી વચ્ચે આક્ષેપબાજીનો દોર ચાલી રહ્યો છે. આવી સ્થિતિમાં એએપીના નેતા મનિષ સિસોદિયાના એનજીઓને નોટિસ આપવાની બાબત મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.

## મંદીનો દોર જારી : વધુ ૧૩૩ પોઈન્ટનો ઘટાડો

મુંબઈ,તા. ૬

શેરબજારમાં આજે છઠ્ઠા કારોબારી સેશનમાં મંદી રહી હતી. ઓટો કંપનીઓના શેરમાં તીવ્ર વેચવાલી જોવા મળી હતી.શેરબજારમાં આજે મંદી માટે અન્ય ઘણા કારણો જવાબદાર રહ્યા હતા. દિલ્હી વિધાનસભાની ચૂંટણી આવતીકાલે યોજાનાર છે જે નવો પ્રવાહ નક્કી કરી શકે છે. બે ત્રણ દિવસ સુધી કારોબાર ઉપર દિલ્હી ચૂંટણીના પરિણામોની અસર રહી શકે છે. સેંસેક્સ ૧૩૩ પોઈન્ટ ઘટીને ૨૮૮૧૮ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફટી ૫૧ પોઈન્ટ ઘટીને ૮૬૬૧ની સપાટીએ રહ્યો હતો. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં અન્ડરપરફોર્મની સ્થિતિ રહી હતી. અસર બજાર ઉપર જોવા મળી હતી. વૈશ્વિક બજારોમાં આજે ઉતારચઢાવની સ્થિતિ રહી હતી. એક બાજુ નિક્કી શેરમાં ૦.૮ ટકાનો ઉછાળો રહ્યો હતો. જ્યારે હેંગસેંગ ઈન્ડેક્સમાં ૦.૪ ટકાનો ઘટાડો રહેતા તેની સપાટી ૨૪૬૭૯ રહી હતી. શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સમાં ૧.૯ ટકાનો ઘટાડો રહ્યો હતો. સેકટરલ મોરચે જોવામાં આવે તો ઓટો ઈન્ડેક્સમાં ૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. હેલ્થકેર, બેંકેક્સ, પાવર ઈન્ડેક્સમાં એક ટકાનો ઘટાડો રહ્યો હતો. આઈટી, ટેક અને એફએમસીજીમાં પણ સુધારો રહ્યો હતો. ઓટો ક્ષેત્રમાં તાતા મોટર્સ, એમ એન્ડ એમ, હિરો મોટો, બજાજ ઓટો, મારુતિ સુઝુકીમાં ૦.૫-૫ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. બેંકિંગની વાત કરવામાં આવે તો એક્સિસ, એચડીએફસી, એસબીઆઈ, આઈસીઆઈસીઆઈ બેંકમાં ૦.૫-૨.૫ ટકાનો ઘટાડો રહ્યો હતો. માર્કેટ બ્રીડ્થ આજે નકારાત્મક રહી હતી. ૨૦૧૦ શેરમાં મંદી અને ૮૬૩ શેરમાં તેજી રહી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં ગઈકાલે ફ્લેટ સ્થિતિ જોવા મળી હતી. ભારે ઉથલપાથલના સેશન વચ્ચે મૂડીરોકાણકારોએ પ્રોફીટ બુક કરવાની સ્થિતિ જાળવી હતી. ગુરુવારે સેન્સેક્સ ૩૨ પોઈન્ટ ઘટીને ૨૮૮૫૧ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૨ પોઈન્ટ ઘટીને ૮૭૧૨ની સપાટીએ રહ્યો હતો. દરમિયાન વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારોએ બુધવારના દિવસે ૮૩.૮૦ કરોડની કિંમતના શેર વેચી દીધા હતા. ગઈકાલે બીએસઈ પાવર ઈન્ડેક્સમાં સૌથી વધુ ૨.૮ ટકાનો ઘટાડો રહ્યો હતો. જ્યારે રિયાલિટી, મેટલ, કન્ઝ્યુમર ડ્યુરેબલ, ઓટો, હેલ્થકેર ઈન્ડેક્સમાં પણ ઉથલપાથલ જોવા મળી હતી. બીજીબાજુ આઈટી ઈન્ડેક્સમાં ૨.૧ ટકાનો સુધારો રહ્યો હતો. એફએમસીજીમાં પણ સુધારો રહ્યો હતો.

### ટુજી પ્રકરણમાં મારન અંગે આદેશ સુપ્રીમે પાછો ખેંચ્યો

નવીદિલ્હી,તા. ૬

સુપ્રીમ કોર્ટે ટુજી કૌભાંડ સાથે સંબંધિત કેસમાં આરોપી તરીકે તેમને સમન્સ જારી કરવાના ટ્રાયલ કોર્ટના આદેશ સામે દિલ્હી હાઈકોર્ટમાં રજૂઆત કરવા મારન બંધુઓને આદેશ આપવાના તેના હુકમને આજે પાછો ખેંચી લીધો હતો. અગાઉ સીબીઆઈએ માહિતી આપી હતી કે, ટુજી કૌભાંડ સાથે સંબંધિત તમામ કેસમાં સુનાવણી ટોપ કોર્ટ દ્વારા કરવામાં આવી રહી છે. સીબીઆઈએ માહિતી આપ્યા બાદ આદેશ પાછો ખેંચવામાં આવ્યો હતો. અગાઉ ટોપ કોર્ટે ભૂતપૂર્વ ટેલિકોમ પ્રધાન દયાનિધિ મારન અને તેમના ભાઈ કલાનિધિ મારનની અરજી ઉપર સુનાવણી કરવાનો ઈન્કાર કરી દીધો છે. એરસેલ-મેક્સિસ કેસમાં તેમની સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. કોર્ટે કહ્યું હતું કે, તેઓ દિલ્હી હાઈકોર્ટમાં ટ્રાયલ કોર્ટના ચુકાદા સામે અરજી કરી શકે છે. આરોપી તરીકે સમન્સ જારી કરવાનો ટ્રાયલ કોર્ટે આદેશ કર્યો હતો. સુનાવણી દરમિયાન દયાનિધિ મારન તરફથી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ એડવોકેટ સીએ સુંદરમે કહ્યું હતું કે, આ કેસ ટુજી સ્પેક્ટ્રમ ફાળવણી કેસ તપાસ સાથે સંબંધિત નથી. ટેલિકોમ પ્રધાન તરીકે તેમના ગાળા દરમિયાન તેમના દ્વારા એક પણ લાયસન્સ ફાળવવામાં આવ્યું ન હતું. ગયા વર્ષે ૨૯મી ઓક્ટોબરના દિવસે ખાસ ટુજી કોર્ટે મારન બંધુઓ અને અન્ય છને સમન્સ જારી કર્યું હતું.

### સમાચાર ઝલક

- ગુજરાતમાં સ્વાઈન ફલુ અંગે શાળાઓમાં તકેદારી રાખવા આદેશ.
- ભરૂચ પાસે ટ્રેન ઉથલાવવાનું ષડયંત્ર પકડાયું.
- ગુજરાતમાં સ્ટાફની કારમી અછતના લીધે વેટની આવકમાં જબ્બર ઘટાડો થયો.
- પોરબંદર તાલુકામાં ખેડૂત સંમેલનમાં ફિયાસ્કો. ખેડૂતો ફરકયા જ નહીં.
- ભાણવડમાં માછલીઓને ખોરાક નાંખતા વૃદ્ધાનું ડુબી જતાં મૃત્યુ.
- વર્લ્ડકપની મેચોમાં ગુજરાતમાંથી ૩ હજાર કરોડનો સટ્ટો ખેલાશે.
- સુરતમાં ફાયનાન્સરની તેની આફીસની ખુરશી સાથે બાંધી હત્યા કરાઈ.
- ગુજરાત હાઉસીંગ બોર્ડનું કડક પગલું, લાંચ લેનાર મહિલા અધિકારીને બરતરફ કર્યા.
- રાજકોટમાં તા. ૧૭ ફેબ્રુઆરીએ રાષ્ટ્રીય કક્ષાની તરણ સ્પર્ધા યોજાશે.
- મેં કદી સન્માન કે ઈનામ મેળવવા લખ્યું નથી - તારક મહેતા.
- ચાલુ વર્ષે અલનીનોની કોઈ અસર નહિ મળે. ચોમાસું ધમધમતું રહેશે.
- સનફાર્માના માલિક સાસુએ પુત્રવધુને ૨૮૦ કરોડ શેર ભેટમાં આપ્યા.
- ભારતમાં ગરીબીની રેખા હેઠળ ૩૦ કરોડથી વધુ લોકો દારૂણ ગરીબીમાં રહે છે.
- અફઘાન સરહદે પાકિસ્તાન હવાઈ હુમલામાં ૨૫ આતંકીઓને ઠાર કર્યા.
- ડિપ્રેશનની તકલીફ ઝડપથી વધી રહી છે - સર્વેક્ષણ
- આજે શનિવારે ગુરૂનો ગ્રહ અતિ તેજસ્વી જોઈ શકાશે.